# <u>શોધનિબંધની રૂપરેખા</u>

મારા શોધનિબંધનો વિષય છે : "પસંદ કરેલી નવલકથાઓનાં સંદર્ભે ગુજરાતી લોકપ્રિય નવલકથાઓનો સમીક્ષાત્મક અભ્યાસ" પ્રસ્તુત શોધનિબંધમાં સમાવિષ્ટ સર્વ પાસાંઓને યોગ્ય ન્યાય મળી રહે તે હેતુસર શોધનિબંધને ૦૫ પ્રકરણોમાં અને ૦૩ પરિશિષ્ટોમાં વિભાજિત કરવામાં આવ્યો છે. આ શોધનિબંધના પ્રકરણો અનુક્રમે નીચે મુજબ છે :

પ્રકરણ ૧ : લોકપ્રિય : સંજ્ઞા વિભાવના

- ૧.૧ શબ્દકોશો અને જ્ઞાનકોશોમાં લોકપ્રિય વિભાવનાની સમજ
- ૧.૨ લોકપ્રિય સાહિત્ય : અભ્યાસીઓના મતો અને મંતવ્યો
- ૧.૩ લોકપ્રિયનું કાવ્યશાસ્ત્ર
- ૧.૪ લોકપ્રિય નવલકથાનું સ્વરૂપ

પ્રકરણ : ૨ ગુજરાતી લોકપ્રિય નવલકથાની વિકાસરેખા

પ્રકરણ : ૩ પસંદ કરેલી ગુજરાતી લોકપ્રિય નવલકથાઓ

- ૩.૧ સાત પગલા આકાશમાં
- ૩.૨ પીળા રૂમાલની ગાંઠ
- ૩.૩ મીરાંની રહી મહેક
- ૩.૪ ઓથાર
- ૩.૫ અર્થ
- ૩.૬ ગ્રહણરાત્રી
- ૩.૭ શોધ- પ્રતિશોધ
- ૩.૮ કૃષ્ણાયન
- ૩.૯ ૬૪ સમરહીલ

પ્રકરણ ૪ : અભ્યાસકીય લોકપ્રિય નવલકથાઓનો તુલનાત્મક અભ્યાસ

પ્રકરણ ૫ : ઉપસંહાર

પરિશિષ્ટ : ૧ સંદર્ભગ્રંથ સૂચિ

પરિશિષ્ટ : ૨ 'લાઈટહાઉસ- એક રહસ્ય ગાથા'- પ્રકાશિત થયેલ શોધપત્ર.

**પરિશિષ્ટ: ૩** અભ્યાસમાં લીધેલ નવલકથાઓના લેખકોની છબી તેમજ તેમણે રચેલ પુસ્તકોના મુખપૃષ્ઠની છબી.

## પ્રકરણ : ૧ - લોકપ્રિય : સંજ્ઞા વિભાવના

લોકપ્રિય સંજ્ઞાને અંગ્રેજીમાં 'Popular' કહેવાય. ૧૫મી સદીમાં 'Popular' સંજ્ઞા કાયદાશાસ્ત્રમાં વપરાતી હતી. ધીમે ધીમે ખૂબ વ્યાપક અને વિસ્તૃત અર્થમાં તે વિસ્તરતી ગઈ. આ 'લોકપ્રિય' સંજ્ઞાને સાહિત્ય સાથે જોડાતા પહેલા વિવિધ શબ્દકોશોમાં આપેલ તેના અર્થોને આ પ્રકરણમાં મૂકવામાં આવેલ છે.

### ૧.૧ શબ્દકોશો અને જ્ઞાનકોશોમાં લોકપ્રિય વિભાવનાની સમજ :

આ પ્રકરણમાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ત્રણેય ભાષાના શબ્દકોશ અને જ્ઞાનકોશમાં સમાવિષ્ટ લોકપ્રિય સંજ્ઞાની સમજ આલેખિત છે. જેમાં ગુજરાતી ક્ષેત્રે બૃહદ કોશ, સાર્થ જોડણીકોશ, ભગવદગોમંડ્લ, મોટોકોશ તથા હિન્દી સાહિત્ય ક્ષેત્રે હિન્દી શબ્દકોશ, હિન્દી સાગર, હિન્દી સાહિત્ય જ્ઞાનકોશ અને અંગ્રેજી સાહિત્યક્ષેત્રે, Oxford American Dictionary, Oxford Reference Dictionary વગેરે જેવા કોશનો સમાવેશ થયો છે.

આ રીતે ત્રણેય ભાષાના શબ્દકોશ તથા જ્ઞાનકોશમાંથી મળેલ અર્થ અને સમજ ઉપરથી 'લોકપ્રિય' સંજ્ઞા વિષયક કેટલાક તારણો દર્શાવી શક્યા છે. જેનાથી લોકપ્રિય સહિત્ય કેમ રચાયું છે. અને તેનો વાંચનાર વર્ગની અપેક્ષા મુજબ લોકપ્રિય સાહિત્ય લખનાર લેખક કઈ કઈ બાબતોનું ધ્યાન રાખે છે. તેની સ્પષ્ટતા થાય છે.લોકોને કેન્દ્રમાં રાખીને લખાતા આ સાહિત્યનો વાચક વર્ગ મોટો હોય છે. પ્રતીક, કલ્પન, સત્ય જેવા સાહિત્યિક ગુણો નહિવત પ્રમાણમાં જોવા મળે છે. બેસ્ટસેલરની ધારણા સાથે જ લોકપ્રિયસાહિત્યની રચના થાય છે. લોકપ્રિય કથાનું વિષયવસ્તુ પણ કુતૂહલ તથા સ્વૈરકલ્પના પર આધારિત હોય છે. જેથી વાચનારની રોચકતામાં વધારો થાય છે. અને જો રહસ્યમય તેમજ મસાલેદાર ઘટનાઓ સમાવિષ્ટ હોય તો કૃતિ રસપ્રદ બની રહે છે. આમ, વાચકને જકડી રખવામાં કથા તથ્યો કામ કરે છે. તેનો ટૂંકમાં તાગ કાઢવામાં આવ્યો છે.

## ૧.૨ લોકપ્રિય સાહિત્ય : અભ્યાસીઓના મતો અને મંતવ્યો

આ પ્રકરણમાં લોકપ્રિય સાહિત્યનામત-મતાંતરો ચર્ચાયા છે. લોકપ્રિય સાહિત્ય વિશે હકારાત્મક અને નકારાત્મકઘણાં મતો જોવા-સાંભળવા મળે છે. શરૂઆતમાં હકારાત્મક વલણો ધરાવતું લોકપ્રિય સાહિત્ય ધીમે ધીમે ટીકાપાત્ર બન્યું. વિવેચકો માટે ચર્ચાનો વિષય બન્યો. તેમના લોકપ્રિય સાહિત્ય માટેના મંતવ્યો દર્શાવાયા છે. જેમકે લોકપ્રિય સાહિત્યમાં મનોરંજનનું તત્ત્વ ખાસ વધુ પ્રમાણમાં જોવા મળે છે. તો એ બાબતે સર્જકને કરવી પડતી મથામણના સંદર્ભે ઉમ્બ્રેતો ઈકો કહે છે : “મનોરંજન કરવું એ અત્યંત કઠિન અને શ્રમપૂર્વક કાર્ય છે.” શાલિની ટોપીવાળા લોકપ્રિય સંસ્કૃતિ પાછળ અસર કરતા પરિબળ વિશે વાત કરે છે. તે સીધી રીતેલોકપ્રિય સંજ્ઞાની વાત નથી, કરતા પણ લોકપ્રિય સંસ્કૃતિની ચર્ચા નિમિત્તે આ પ્રમાણે નોંધે છે. લોકપ્રિય સંસ્કૃતિઅને સમૂહ માધ્યમો આપણારોજિંદા જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે, સમૂહ માધ્યમનાટેલિવિઝનનાબંધાણીઓ તરીકે અથવા સમૂહ માધ્યમના વ્યસનીઓ તરીકે ઓળખાતાહોય. તેમના રોજિંદા જીવન પર પ્રભુત્વ ધરાવે છે, એજ રીતે કલાઇવ બ્લૂમ જેવા પાશ્ચાત્ય સાહિત્યના વિવેચકો તેમજ વિનોદ ભટ્ટ, સુરેશ જોષી, ચંદ્રકાન્ત, મહિપતસિંહ રાઓલજી વગેરે જેવા ગુજરાતી સાહિત્યના અભ્યાસીઓના મત કે મંતવ્યો રજૂ કરવામાં આવ્યાછે.

આમ, આ પ્રકારનામંતવ્યો પછી નિષ્કર્ષરૂપે સ્પષ્ટ થતા તારણો મૂકવામાં આવ્યાછે. જેથી લોકપ્રિય સાહિત્યનીસમજ જુદી-જુદી રીતે પણ સ્પષ્ટ થઇ શકે.

## ૧.૩ ‘લોકપ્રિયનું કાવ્યશાસ્ત્ર’

૧૫મી સદીમાં ‘Popular’ સંજ્ઞા કાવ્યશાસ્ત્રમાં વપરાતી હતી. ૧૬મી સદીમાં આ સંજ્ઞા લોકોના અર્થમાં વપરાવા લાગી. ઈ.સ. ૧૬૧૦માં આ સંજ્ઞા ઉચ્ચવર્ગ અને નિમ્નવર્ગ વચ્ચેનો ભેદ દર્શાવવા માટે વપરાવા લાગી. ૧૯મી સદીમાં આ સંજ્ઞા કલા અને મનોરંજનના સંદર્ભમાં વપરાવવા લાગી. લોકપ્રિય કળાની શરૂઆત ૧૯૫૦માં બ્રિટનમાં થઈ. અને ૧૯૫૦ના અંતિમ વર્ષોમાં અમેરિકામાં તેનો આરંભ થયો. ત્યાં સુધીમાં ‘લોકપ્રિયતા’ એક પ્રશ્ન બની ગઈ હતી. દેખીતી રીતે જોઈએ તો લોકપ્રિય સાહિત્ય વર્ષોથી લખાતું એને વંચાતું આવ્યું છે. આમ, ૧૮મી સદીના આરંભથી ‘લોકપ્રિય‘નો આરંભ થયો પણ ત્યારે સાહિત્યને કોઈ વિભાગમાં વહેચવામાં આવ્યું ન હતું. તેથી માત્ર સાહિત્ય તરીકે ગણવામાં આવ્યું હશે. લોકપ્રિય સાહિત્ય ફક્ત જે-તે સમયની નીપજ ન કહી શકાય, પણ તે સંસ્કૃત વેદ-ઉપનિષદના સમયથી ચાલી આવ્યું છે. તે સર્વાધિક લોકપ્રિય રચના છે. લોકપ્રિય કળાના એક પ્રકાર તરીકે ખેડાવવાની શરૂઆત પાછળ ઔદ્યોગિક

ક્રાંતિ, મધ્યમવર્ગનો ઉદય કારણભૂત બન્યા. વૈશ્વિકીકરણ અને ટેકનોલોજીનો પ્રભાવ લોકપ્રિય સાહિત્યમાં પણ અસર કરતું નજરે પડ્યું. તેમાં રાજકારણ, સમાજકારણ, અર્થકારણ વગેરે સમાવિષ્ટ થયા અને બૌદ્ધિક વિચારકોએ તેને આવકાર આવ્યો. આમ, કેટલાકનો વિરોધ તો કેટલાકના આવકાર સાથે લોકપ્રિય સાહિત્યએ પોતાનું સ્થાન કેવી રીતે નિર્ધારિત કર્યુ તેની સ્પષ્ટતા આ પ્રકરણમાં મૂકવામાં આવી છે.

લોકપ્રિય સાહિત્યના ઉદ્દેશ્યને પણ અહીં સ્પષ્ટ કરવામાં આવ્યો છે. લોકપ્રિય સાહિત્યકાર તેની કલ્પના પ્રમાણે વાચકોના રસની પસંદગી કરે છે. પસંદગી, કેવી છે ? તેમની પાસે સમય કેટલો છે? તેમના મનમાં શું ઝંખના છે ? કઈ રીતે વાચકોની ઈચ્છાતૃપ્તિ કરી શકાય ? આ બધી બાબતોને અનુલક્ષીને લોકપ્રિય સાહિત્યકાર મનોરંજન કરાવે તેવા રસપ્રદ પ્રયોગો, રસમય ઘટનાઓ, ગલગલિયાં કરાવે તેવા જાતીય વર્ણન દ્વારા એક મસાલેદાર કથા પ્રસ્તુત કરેછે. જેથી તે સૌથી વધુ વાચકો સુધી પહોંચી શકે અને તેમની કૃતિનું વેચાણ વધે. આમ, ધીમે ધીમે બજારીકરણના ઉદ્દેશ્યએ કેવી રીતે ઉપાભોકતવાદી ગ્રહકવાદ વલણ ઊભું કર્યું તે બાબતની આ વિભાગમાં ચર્ચા કરેલ છે. આ ઉપરાંત લોકપ્રિય સાહિત્યને વાંચનાર વર્ગ, સાહિત્યક્ષેત્રે તેનું મૂલ્ય, સમય પ્રમાણે તેની બદલાતી વિભાવના અને સમજ તેમજ કાળ પ્રમાણે વિસરાતા જતા આ સાહિત્યની તરલતા તપાસ્યા પછી નિષ્કર્ષ રૂપે સ્પષ્ટ થતાં કેટલાંક તારણો અહીં ઉલ્લેખિત છે.

## ૧.૪ લોકપ્રિય નવલકથાનું સ્વરૂપ

આપણા સમયમાં નવલકથાએ સાહિત્યના એક મુખ્ય સ્વરૂપ તરીકે સ્થાન પ્રાપ્ત કરી લીધું છે .એક સાહિત્ય સ્વરૂપ તરીકે નવલકથા સ્વરૂપ સતત વિકસતું અને લોકપ્રિય રહ્યું છે. એમાં લોકપ્રિય નવલકથા એતો તેનો અલગ જ વિસ્તાર ઊભો કર્યો છે .લોકપ્રિય નવલકથાઓમાં ધારાવાહિક નવલકથાઓનો પણ સમાવેશ થાય છે .અને સર્જક પોતાની કથા જ્યારે ટુકડે ટુકડે પ્રસ્તુત કરે ત્યારે ભાવકને જકડી રાખવા માટે ઘણી દરકાર માંગી લે છે .સમયાંતરે છતાં ભાવક કાગડોળે કથાના બીજા પ્રકરણોના પ્રસ્તુતીની રાહ જુએ ,વાચવા માટેની તાલાવેલી જાગે અને તેમની કુતૂહલતા કેળવાય તે માટે લેખક કેવા પ્રયત્નો કરે છે ? ક્યાં ઘટકતત્ત્વોનો આધાર લે છે ? તે માટેનો અભ્યાસ સમાવિષ્ટ છે.

નવલકથાના ઘટકતત્ત્વોની વાત આવે ત્યારે શિષ્ટ નવલકથાઓના તત્ત્વો આંખ સામે તરી આવે .પરંતુ લોકપ્રિય નવલકથાના ઘટક તત્ત્વો શિષ્ટ કથાના ઘટકતત્ત્વોથી થોડા જુદી રીતે સ્પષ્ટ થાય છે. કેમકે લોકપ્રિય નવલકથાના વિષયવસ્તુનો ઉદ્દેશ્ય જુદો હોય છે. તેમાં કોઈપણ પ્રકારના સાહિત્યિક ગુણોની માવજતમાં પડ્યા વગર ફક્ત ભાવકના માનસિક ભાવોની ચિંતા કરવામાં આવે છે. તેથી નવલકથામાં રહસ્યોનું ગૂફન, ખૂન-

મારામારી, ઘાતકી કૃત્યો, અપહરણ, બળાત્કાર, બ્લેકમેલિંગ, ચોરી, લૂંટફાંટ, આત્મહત્યા જેવા અસામાજિક તત્ત્વો, જાતીયતાનું ખૂલ્લું વર્ણન, કટાક્ષ, રાજકારણ, પ્રણય ,પ્રણયત્રિકોણ, સજા-સંવેદન, કરૂણતા, સહાનુભૂતિ મેળવી શકાય તેવા પ્રસંગો, શ્રદ્ધા અંધશ્રદ્ધા, ચમત્કારિક દૈવીયના પ્રસંગો, સંઘર્ષવિદ્રોહ–વિરોધ દર્શાવતા જે-તે સમયના ચર્ચિત મુદ્દા, વિસ્તૃત વર્ણન અને સામાન્ય માણસ સમજી શકે તેવી ભાષા – ફિલુસુફી વગેરે જેવા તત્ત્વો સમાવિષ્ટ હોય છે. આ તત્ત્વો દ્વારા લેખક ભાવકની રોચકતા, કુતૂહલતા અને જિજ્ઞાસા કેવી રીતે વધારે છે .કેવી રીતે આનંદની અનુભૂતિ કરાવી મનોરંજન કરાવે છે. તેનો અભ્યાસ કર્યો છે.

## પ્રકરણ : ૨ - ગુજરાતી લોકપ્રિય નવલકથાની વિકાસરેખા

ગુજરાતી સાહિત્યક્ષેત્રમાં લોકપ્રિય નવલકથાની વિકાસરેખા જોઇએ તો દરેક યુગની નવલકથાઓમાં આપણે લોકપ્રિયતાના તત્ત્વો જોઇ શકીએ છે. સ્થળ–કાળ પ્રમાણે વિચારપ્રવાહો, સ્વરૂપો, મૂલ્યો બદલાતા રહે છે. તેથી સાહિત્યક્ષેત્રે પણ ઘણું ટકી રહે તો ઘણું લુપ્તથઈ જાય છે. ગુજરાતી સાહિત્યક્ષેત્રમાં ઘણી નવલકથાઓ એવી છે. જેને ‘લોકપ્રિય નવલકથાઓનો’ મથાળું લાગ્યું હોય. પરંતુ તેમાં શિષ્ટ નવલકથાના તત્ત્વો જોવા મળ્યા હોય એ જ રીતે કેટલીક નવલકથા શિષ્ટ સાહિત્યમાં સમાવિષ્ટ થતી હોય. પરંતુ, તેમાં લોકપ્રિયતાના ઘણાં પરિબળો જોવા મળ્યા હોય.

નંદશકર મહેતા કૃત ગુજરાતી ભાષાની પહેલી નવલકથા ‘કરણઘેલો’માં ભૂતપ્રેતના વ્હેમ – ધર્મ, સામાજિક રીત – રિવાજો અને પાપ – પુણ્યના પરિબળો જોવા મળે છે. એજ રીતે સાક્ષરયુગના વાસ્તવિક જીવનને નિરૂપતી પહેલી શિષ્ટ નવલકથા ‘સરસ્વતીચંદ્ર’માં પણ પ્રેમ, વિરહ, ત્યાગ – બલિદાનની ભાવના, સામાજિકતા વગેરે જેવા પરિબળો નિર્દેશિત છે. ગાંધીયુગમાં મુનશીની ‘પાટણની પ્રભુતા’, ‘ગુજરાતનો નાથ’, ‘પૃથ્વીવલ્લભ’ જેવી ઐતિહાસિક નવલકથાઓ પ્રાપ્ત છે અને આધુનિક યુગમાં ચંદ્રકાન્ત બક્ષીથી માંડી હાલના કાજલ ઓઝા વૈદ્ય, ધૈવત ત્રિવેદી જેવા સર્જકોની નવલકથાઓમાં લોકપ્રિયતાના તત્ત્વો જોઈ શકાય છે.

આમ, દરેક સમયની નવલકથામાં રહેલ લોકપ્રિયતાના લક્ષણો દર્શાવી ગુજરાતી લોકપ્રિય નવલકથાની વિકાસરેખા અહીં રજૂ કરવામાં આવી છે.

## પ્રકરણ : ૩ - પસંદ કરેલી લોકપ્રિય ગુજરાતી નવલકથાઓ

ગુજરાતી સાહિત્યક્ષેત્રે રચાયેલ ઘણી બધી લોકપ્રિય નવલકથાઓનો સમાવેશ થાય છે તેમાંથી નવ લોકપ્રિય નવલકથાનો લોકપ્રિય તત્ત્વો સાથે અભ્યાસ કરવામાં આવ્યો છે.

### ૩.૧ 'સાતપગલાં આકાશમાં' :

કુન્દનિકા કાપડિયકૃત 'સાત પગલાં આકાશમાં' ગુજરાતી ભાષાની મહત્ત્વની, બહુચર્ચિત અને લોકપ્રિય નવલકથા છે. ઈ. સ. ૧૯૮૨ના જુલાઈથી શરૂ થઈને 'જન્મભૂમિ પ્રવાસી'માં રવિવારીય આવૃત્તિમાં હપ્તાવાર છપાયેલી આ નવલકથામાં મુખ્યપાત્ર વસુધા છે. કોઈ પણ સ્ત્રીને થતાં રોજ–બરોજના કામના ઢસરડાને કારણે આવતા વિચારોને રજૂ કરતું આ સ્ત્રીપાત્ર, વ્યોમેશ જેવા પુરૂષસત્તાક પતિ અને સાસુ સમા, ફઈબા જેવા પુરુષસત્તાક માનસ ધરાવતી સ્ત્રી દ્વારા ત્રાસ સહન કરતું પાત્ર છે.

પ્રકૃતિ દ્વારા સ્વતંત્ર મનનુંસૂચક બનતું આ પાત્ર આકાશ, ઉદ્યાન, આનંદગ્રામની સાથે પ્રાકૃતિક નિકટતા ધરાવે છે. અને અંતે હિમાલયના ખોળે જાય છે. વસુધા યુવાનીનો સમય, તેનું લગ્નજીવન અને ત્યારબાદનું સ્વતંત્રતા ઝંખતું જીવન વગેરે તબક્કાઓ દ્વારા સ્વની ઓળખ પ્રાપ્ત કરવા માટેના પ્રયાસો બતાવવામાં આવ્યા છે.

આ નવલકથામાં અન્ય સ્ત્રીપાત્રો જેવા કે રંજના, શોભા, લીના, ઊર્મિલા, નલિની, એના, જયાબેન, આનમ, અલોપા, ઈશા, સુમિત્રા ,મિત્ર/સુનીલા, કમલ, સલીના, વાસંતી, બેલા વગેરે દ્વારા સ્ત્રીવિષયક મુદ્દા રજૂ થયા છે. ષડયંત્ર, રહસ્ય, ખૂન, આત્મહત્યા, બળાત્કાર, સંઘર્ષ, કરૂણતા જેવા તત્ત્વો આલેખીત છે. પરંતુ તેને ચર્ચિત મુદ્દા તરીકે વણી લેવામાં આવ્યા છે. આ કથામાં નારીકેન્દ્રી મુદ્દા એટલે કે સ્ત્રી પર થતા અત્યાચાર, દામ્પત્ય જીવનમાં અધરૂપો, સ્ત્રી–પુરુષ વચ્ચે ઉઠતા સંવેદશીલતા મુદ્દાઓ, સ્ત્રી–પુરુષ સમાનતા અધિકાર માટેના મુદ્દા, વિદ્રોહ–વિરોધ પ્રદર્શન, ચર્ચા (Debate), પ્રણય, પ્રણયત્રિકોણ, તેમજ સ્ત્રીઓને હિમંત–ધગશ પૂરી પાડતી સંઘર્ષમય ઘટનાઓ જોવા મળે છે. આમ, આ કથા નારીકેન્દ્રી હોવાથી સ્ત્રીવાચકોની સંખ્યા વધુ હોય તે બાબત સ્વાભાવિક છે. નિરૂપિત લોકપ્રિયતત્ત્વો દ્વારા આ નવલકથાનો અભ્યાસ કર્યો છે.

## ૩.૨ 'પીળાં રૂમાલની ગાંઠ'

હરકિશન મહેતા દ્વારા લિખિત 'પીળાં રૂમાલની ગાંઠ' નવલકથામાં બસ્સો વર્ષ પહેલાંની એક હકીકતને સ્થાન મળ્યું છે. કર્નલ મેડોશ ટેલારાના પુસ્તક 'Connection of thug'થી પ્રભાવિત થઈને લેખકે 'પીળાં રૂમાલની ગાંઠ' નવલકથાની રચના કરી છે. જેમાં અમીર અલી નામના ઠગે પોતાના અપરાધોની કબૂલાત કરી છે. આ કથામાં ઘણાય રહસ્યો એવા છેકે જે કથાના અંતભાગ સુધી જળવાઈ રહ્યા છે. અમીર અલીનું જીવન રહસ્યમય રહ્યું છે. અમીર અલી એના જીવન કડવા સત્યો સુધી ક્યારે પહોંચશે ? પહોંચશે કે નહીં ? તેની રાહ જોતો ભાવક એ દરમિયાન અનેક સંબંધો, અનેક હત્યાઓ અને અનેક ઘાતકી ઘટનાઓમાંથી પસાર થઈને કથાના મૂળ સુધી પહોંચતો જાય છે.

ઘણા ભાગમાં વિસ્તૃત આ કથામાં ઠગ અમીર અલીની જીવનકથા દ્વારા બસ્સો વર્ષ પહેલાં ઠગોનો ભોગ બનેલ લોકોની દયનીય પરિસ્થિતિ, કરૂણતા, ઘાતકી કૃત્યો, આત્મહત્યા, હત્યા, બળાત્કાર, ચોરી–લૂંટફાટ વગેરે જેવા અસામાજિક તત્ત્વો તેમજ સમાજિક કુરિવાજો, શ્રદ્ધા–અંધશ્રદ્ધા તેમજ ખોટી માન્યતાઓ જોવા મળે છે.

આમ, આ નવલકથામાં ઉલ્લેખિત આ તત્ત્વો ભાવકને જકડી રાખવામાં સફળ રહ્યા છે. જેનો અભ્યાસ અહીં વિગતે કરવામાં આવ્યો છે.

## ૩.૩ 'મીરાંની રહી મહેક'

દિલીપ રાણપુરા દ્વારા રચિત 'મીરાંની રહી મહેક' 'ગુજરાત મિત્ર'ની રવિવારીય પૂર્તિમાં ધારાવહિક સ્વરૂપે પ્રગટ થઇ હતી. મોટાભાગે ધારાવહી નવલકથામાં પ્રકરણની અંતે કંઈક એવું મૂકવામાં આવે કે નવું પ્રકરણ વાંચવાની તાલાવેલી રહે. પરંતુ ૨૮ પ્રકરણ ધરાવતી આ નવલકથા સત્યઘટનાત્મક છે. જેમાં હૃદયને સ્પર્શી જાય તેવી કરુણકથાનું આલેખન છે. આ કથામાં લોકપ્રિયતા મેળવવાની મથામણ નથી. છતાં, આ આત્મકથાત્મક કૃતિ લોકો સુધી આપોઆપ પહોંચી જાય છે. લેખકના પત્ની સવિતાબહેનને કેન્સર જેવી જીવલેણ બીમારી છે. અને આ જીવલેણ રોગ સામેલેખક સવિતાબહેન કરતા પણ વધુ લડવાનો પ્રયત્ન કરે છે.આમ સામે આવી રહેલા મૃત્યુને માત્ આપી ભરપૂર સંઘર્ષ અને પ્રેમના બળથી લેખક અને સવિતાબહેન બાકી વધેલું જીવન જીવે છે. અન્ય લોકપ્રિય નવલકથા કરતા જુદી તરી આવતી આ કથામાં એક સાચું દામ્પત્યજીવન, લાગણી, પ્રેમ, પોતાના લોકો માટેની ચિંતા, અસહ્ય માનસિક તથા શારીરિક વેદના સાથે સંઘર્ષ,

કરુણતા, નસીબની વક્રતા, સહાનુભૂતિજેવા તત્ત્વો જોવા મળે છે. આ કથામાં કાલ્પનિક પ્રસંગો નથી. લેખકના જીવનની સત્યકથા છે. તેથી જે જીવનની કથાવાંચી ન શકાય એટલી કરુણ હોયતે જીવન લેખક જીવ્યા કેમ હશે? આ પ્રશ્નન અને ભાવ સાથે આ કથાની લોકપ્રિયતા તપાસવામાં આવી છે.

### ૩.૪ 'ઓથાર'

અશ્વિની ભટ્ટકૃત 'ઓથાર' બે ભાગમાં વિભાજિત મહાનવલ ઐતિહાસિક, રસપ્રદ અને અદ્‌ભુત છે. સંદેશમાં હપ્તાવાર છપાયેલી આ ધારાવાહિક નવલકથામાં સંખ્યાબંધ પાત્રો અને ઘટનાઓનો સમાવેશ થયો છે. કથાનો કથક અને નાયક સેજલસિંહના જીવનનો 'ઓથાર' જોવા મળે છે. આ ઓથાર જેમાંથી ઉદ્‌ભવ્યો તે માહોલ કથારૂપે આકાર પામ્યો છે. સન સત્તાવન પછીની પરિસ્થિતિ, અંગ્રેજોની હૂકુમત, ગુલામ દેશ, ગુલામ લોકો, તેમનો ઓથાર, દેશને આઝાદ કરવા મથતા ક્રાંતિકારીઓ, તેમની અને અંગ્રેજો વચ્ચેની લડાઈઓ અને તેમાંથી ઉભી થતી ભયાનક સ્થિતિ આ સ્થિતિને વેઠતી પ્રજાનો ઓથાર, રાજકારણ આ દરેક બાબતોને આ કથામાં આવરી લેવામાં આવી છે. આ ઉપરાંત રહસ્યમય નોકર ધાનોજી, માતા રાજેશ્વરી દેવી, મંત્રી બાલીરામ જેવા પાત્રોને આધારે કથા રહસ્યમય અને રોચક જણાય છે. તેમજ નાયક સેજલસિંહ દ્વારા પ્રેમ અને જાતીયતાનુ ખુલ્લું વર્ણન જોવા મળે છે. આમ પ્રણય, પ્રણય ત્રિકોણ, જાતીયતાનુ ખુલ્લુ વર્ણન, ખુન-મારામારી, અપહરણ, બ્લેકમેઇલિંગ, ચોરી-લૂંટફાટ, આત્મહત્યા, બળાત્કાર, રાજકારણ, કરુણતા, સંઘર્ષ, વિસ્તૃત વર્ણન તેમજ અંગ્રેજી ભાષાનો ઉપયોગ વગેરે જેવા લોકપ્રિય તત્ત્વોને આધારે આ કથાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

### ૩.૫ 'અર્થ'

પ્રિયકાન્ત પરીખ રચિત 'અર્થ' નવલકથાનું શીર્ષક કથાનાયકના નામ અને તેના જીવન સાથે જોડાયેલ છે. 'ગુજરાત સમાચાર'માં ધારાવાહી રૂપે પ્રગટ થયેલી અને ૩૧ પ્રકરણ ધરાવતી આ નવલકથાનો નાયક અર્થ છે. સીધા અને સરળ વિચાર ધરાવતો કર્મને માનનારો, ગંભીરતાથી જીવનારો સંસ્કારી યુવાન એવા અર્થના પિતાનું મૃત્યુ કથાના આરંભમાં જ દર્શાવાયું છે. પિતાના અગ્નિસંસ્કાર પછી તુંરત જ લિપીનું અપહરણ, પીળા પૂંઠાની ડાયરીમાં તેના જીવનનું મોટુ રહસ્ય તેના જીવનમાં અને તેના મનમાં ઘણી ઊથલપાથલ મચાવે છે. અર્થ લિપીના અપહરણની ઘટના પાછળ કથાના અંત સુધી જુદી જુદી રીતે હેરાન થાય છે. આખરે અર્થ જીવનના સાચા અનુભવો દ્વારા જીવનના ખરા અર્થ વિષે સમજ કેળવે છે.

કથામાં કર્ણ, ગાર્ગી, મિતાલી, માલતી, માધવી, મિ.માથુર, મિલન વગેરે જેવા અન્ય ગૌણપાત્રો પણ કથાને રોમાંચક બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. કથાની મુખ્ય ઘટનાનું પાયાનું રહસ્યમયપાત્ર મિલન કથાના મૂળ રહસ્યને અંત સુધી સાચવી રાખે છે. જેને કારણે કથાની રોચકતામાં ઘટાડો થતો નથી. આમ, નવલકથામાં અપહરણ, હત્યા, આત્મહત્યા, બળાત્કાર, ષડયંત્રો, બ્લેકમેઇલિંગ, કટાક્ષ તથા પ્રણય જેવા તત્ત્વોને આધારે કેવી રીતે 'અર્થ' લોકપ્રિય બની શકે છે, તેનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

### ૩.૬ 'ગ્રહણરાત્રી'

મોહમ્મદ માંકડ દ્વારા લખાયેલ 'ગ્રહણરાત્રી'માં ૩૨ પ્રકરણનો સમાવેશ થયો છે. જેમાં અનેક રહસ્ય જોવા મળે છે. નંદલાલ અને કિસન નામના બે પાત્ર કથાનાયક ગણાવી શકાય. નંદલાલને મરવાની તક શોધતો કિસન ઉર્ફે મુકુંદ નંદલાલને ત્યાં વિશ્વાસુ પાત્ર બની પાંચવર્ષથી નોકરી કરે છે. એકબાજુ નંદલાલની મિલકતના લાલચીતેના છોકરા-વહુ તો બીજી બાજુ નંદલાલને મોતને ઘાટ ઉતારવા મથતોકિસન તેમજ આ મુખ્ય કથાને અડીને ચાલતી જીલું ખાચર અને વાસ્કુરની એક આડકથા સાથે કથા ભાવકને જકડી રાખવા માટે મથે છે. કિસનના પરિવાર સાથે નંદલાલ તરફથી અન્યાય થયો છે. આ અન્યાયનો બદલો લેવા માટેની કિસનની આંતરિક ભાવના ઘણા રહસ્યોનો સંગ્રહ કરે છે. અને નવલકથાના શીર્ષકમાં જ કથાની મુખ્ય ઘટના તેમજ મુખ્ય રહસ્ય રહેલું છે.'ગ્રહણરાત્રી' એટલે નંદલાલના મૃત્યુ વખતની અંધારી રાત્રિ. આ એક રાત્રીનિઘટનાજ ખૂબ રોચક રહી છે. આ સાથે કથામાં ખૂન, આત્મહત્યા, મારામારી, ચોરી,ષડયંત્રો, છળ-કપટ સાથે સંકળાયેલી ઘટનાઓ નિરૂપિત છે. આ સિવાય કથામાં રહેલા સંઘર્ષ અને સીધી-સરળભાષા તથા વિસ્તૃત વર્ણન સાથે નવલકથાની લોકપ્રિયતાનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

### ૩.૭ 'શોધ-પ્રતિશોધ'

મહેશ યાજ્ઞિક કૃત 'શોધ-પ્રતિશોધ' સુરતના દૈનિક 'ગુજરાત મિત્ર'માં પ્રકાશિત થયેલીએક ધારાવાહિક નવલકથા છે. બે ભાગમાં વિભાજીત આ નવલકથામાં ૩૧ વર્ષના મુખ્ય પાત્ર આકાશ જરીવાલાની રહસ્યમય જીવનકથા રજૂ કરવામાં આવી છે.

ભાગ-૧ માં આરંભે જ આકાશ કોણ છે?, ક્યાંથી આવ્યો હશે? એવા રહસ્યમયપ્રશ્નો ઉભા થાય છે. તેમજ રાહુલની હત્યાનું રહસ્ય, એલ.ટી.ટી.આઇ. દ્વારા ઇન્દ્રદેવને બ્લેકમેઇલ કરવા પાછળનુ રહસ્ય, ગોપાલ દ્વારા રાજાજીરાવની હત્યા માટેના કાવતરા તથા ચાકોના પગ કાપી નાખવા જેવી ક્રૂર ઘટનાઓનું આલેખન અહીં જોવા મળે છે.

ભાગ-૨ માંચેન્નઈમાં દરિયાકિનારા પર ૪૦૦ માણસોને ઘેરી લેવાની ઘટના તેમજ ઇન્દ્રદેવના સબૂતો નાશ કરવા માટે કરાયેલ ૧૦ કરોડની ડીલ, જેને પૂરી કરવા, ૧૩ કરોડની આકાશ દ્વારા થયેલ ચોરી વગેરે ઘટનાઓનું આલેખન વાચકને જકડી રાખે તેવું થયેલુ છે. આ ઉપરાંત આત્મહત્યા તથા પ્લેન અકસ્માત જેવા આકસ્મિક બનાવો પણ નિરૂપિત છે. અને પાત્રાલેખનમાં લીલાવતીનુ ચિત્રણ લેખકે અદ્‌ભુત કર્યું છે.

આમ, આ નવલકથામાં લોકપ્રિયતાના ઘણા તત્ત્વો એવા છે જેને કારણે લેખક વાચકને અંત સુધી જકડી રાખવામાં મહદઅંશે સફળ રહ્યા છે. અહીં રોચકતા, કુતૂહલ, જિજ્ઞાસા વધારે તેવી ઘટનાઓ તેમજ રહસ્યમય સંબંધોની માયાજાળ, લાગણી, પ્રણય, છળકપટ, આત્મહત્યા, મારામારી, ખૂન, ચોરી-લૂંટફાટ, અપહરણ વગેરે જેવા તત્ત્વોનું વર્ગીકરણ કરી નવલકથાની લોકપ્રિયતા તપાસાઇ છે.

## ૩.૮ 'કૃષ્ણાયન'

કાજલ ઓઝા વૈધ લિખિત 'કૃષ્ણાયન' અત્યંત લોકપ્રિય નવલકથા છે. તેની પ્રથમ આવૃતિ ઇ.સ.૨૦૦૬માં પ્રકાશિત થઈ ત્યારથી લઈને ઇ.સ.૨૦૧૫ સુધી ૧૩ વાર તેનું પુનઃમુદ્રણ થઈ ચૂક્યું છે. 'કૃષ્ણાયન' નવલકથાની અઢાર હજારથી વધુ નકલો વેચાઈ ચૂકી છે.

આ કથામાં માણસ થઈને જીવેલા ઈશ્વર'કૃષ્ણ'ની વાત કરવામાં આવી છે. કૃષ્ણને જ અર્પણ કરાયેલઆ પુસ્તકમાં 'ત્વદિયમ વસ્તુ ગોવિન્દ તુભ્યમેવ સમર્પયતે'('તે આપેલું સર્વ તને અર્પણ કરું છું') ઈશ્વર તરીકે પૂજાતા કૃષ્ણનો જન્મ આખરે તો મનુષ્ય યોનિમાં જ થયો હતો. એક મનુષ્ય તરીકે તે કેવી રીતે જીવ્યા હશે? તેમને કરેલ કેટલા સ્વીકારની સામે કેટલું જતું કરવું પડ્યું હશે? તેમને મૃત્યુ સમયે થતી લાગણી કેવી હશે? શું દરેક મનુષ્યની જેમ કૃષ્ણ પણ મૃત્યુ વેળાએ એકવાર ફરી પાછો વળીને પોતાના ભુતકાળને જોતો હશે? સામાન્ય જનની જેમ સાચા-ખોટાની ગણતરી કરતો હશે, કેવી રીતે? આવા પ્રશ્નોનો જવાબ લેખિકા પોતાની કાલ્પનિક શક્તિ દ્વારા કૃષ્ણના મનોમસ્તિક સુધી પહોંચી કૃષ્ણના મનના વિચારો દ્વારા આપે છે.

કૃષ્ણના જીવનની કહેવાતી પણ મહત્ત્વની સ્ત્રી-પ્રેમિકાઓ રાધા, રુકિમણી અને દ્રૌપદી સાથેના કૃષ્ણના સંબંધોની રસપ્રદ કથા 'કૃષ્ણાયન'માં કહેવાઇ છે. આમ, આ નવલકથા અન્ય લોકપ્રિય નવલકથાના ઘટકતતત્ત્વો કરતા જુદા તત્ત્વો ધરાવે છે. નવલકથામાં નિરૂપિત રાજનીતિ, કૃષ્ણના શબ્દોની ચમત્કારિક અનેદૈવીય પ્રસંગો, શ્રદ્ધા-વિશ્વાસ વગેરે જેવા તત્ત્વોને કારણે લોકપ્રિય થયેલ કૃષ્ણાયનનો અહીં અભ્યાસ કરવામાં આવ્યો છે.

## ૩.૯ 64 - સમરહિલ

ધૈવત ત્રિવેદી દ્વારારચિત 64 – સમરહિલમાં સદીઓથી ખોવાયેલા સત્યનું સરનામું લેખકે અલગ રીતે શોધ્યું છે. છપ્પનસિંઘની વાસ્તવિક જીવનમાં મુલાકાત આ કથા રચવા પાછળની પ્રેરણા રહી છે. પરંતુ કથાનો ચોર છપ્પનસિંઘનું પાત્ર લેખકની કલ્પનાને આધારે રચાયું છે. જેની કબૂલાત લેખક પોતેકરે છે. છપ્પન કોણ હશે? તેની પાસે મૂર્તિ ચોરાવનાર વ્યક્તિ કોણ હશે ? ફક્ત વામપંથી મૂર્તિ ચોરવા પાછળ શું ઉદ્દેશ્ય હશે? આવા અઢળક રહસ્યો કથાની રોચકતામાં વધારો કરે છે.

દુબળીનું પાત્ર અને વામપંથી મૂર્તિ ચોરવા પાછળનો તેનો ઉદ્દેશ્ય અદ્ભુત નિર્દેશાયો છે. કઈ પણ બોલ્યા વગર મનથી મન સંદેશો પહોંચાડી શકાય આવી અત્યંત રોચક વાતને લેખક ખૂબ સરસ રીતે દર્શાવે છે. વિજ્ઞાન અને સંસ્કૃતિક વારસામાં સાધુ-સંતો પાસેથી મળેલા જ્ઞાનની હરિફાઈ નજરે પડે છે.

મુખ્ય ઉદ્દેશ્ય સુધી પહોંચવા માટેની દુબળી, હિરન, છપ્પનસિંઘ, તાન્શી, રાઘવ, ડૉ. ત્વરિતકોલ, ગુંગાસિંઘ, ઝુંઝાર, કે.સી. વગેરે પાત્રોની તિબેટ યાત્રા સાથે કથાની રસપ્રદ અને અનોખી યાત્રા શરૂ થાય છે. જેમાં રહસ્યો, ચોરી-લૂંટફાટ, ષડયંત્રો ઇતિહાસ, કરુણતા, સંઘર્ષ, વિસ્તૃત વર્ણન, સરળ તથા અંગ્રેજી ભાષાનો ઉપયોગ વગેરે જેવા તત્ત્વો વણી લેવાયા છે. અને એના જ આધારે નવલકથાનો અભ્યાસ અહીં કરવામાં આવ્યો છે.

## પ્રકરણ : ૪ - અભ્યાસકીય લોકપ્રિય નવલકથાઓનો તુલનાત્મક અભ્યાસ

પસંદ કરેલી અભ્યાસકીય લોકપ્રિય નવલકથાઓને લોકપ્રિયતાના તત્ત્વોને આધારે મૂલવવામાં આવી છે. મોટા ભાગની નવલકથામાં એકસરખા લોકપ્રિય તત્ત્વો જુદી જુદી રીતે જોવા મળે છે. પરંતુ 'મીરાની રહી મહેક', 'કૃષ્ણાયન' અને 'સાત પગલાં આકાશમાં' વગેરે જેવી નવલકથાઓ ભિન્ન પૃષ્ઠભૂમિ ધરાવે છે. કહેવાતા લોકપ્રિય તત્ત્વો કરતા જુદા તત્ત્વોનો સમાવેશ આ કથાઓમાં થયો છે. દરેક નવલકથાની ભાષા સીધી-સાદી અને સરળ છે. છતાંય ભિન્નતા જોવા મળે છે. ખૂન, આત્મહત્યા, બળાત્કાર, ચોરી, ષડયંત્રો વગેરે જેવા અસામાજીક તત્ત્વોથી પર હોય તેવી 'કૃષ્ણાયન' અને 'મીરાની રહી મહેક' જેવી નવલકથાઓનો પણ અભ્યાસ કરવામાં આવ્યો છે. જે મોટેભાગે માનવમાં સમાવિષ્ટ લાગણી અને સંવેદનો પર આધારિત છે. બાકીની નવલકથાઓમાં અસામાજિક તત્ત્વો સમાન જોવા મળે છે. પરંતુ તે પણ જુદી-જુદી રીતે પ્રસ્તુત થયા છે. આમ દરેક નવલકથાનું જુદાપણું, તેમાં રહેલી સામ્યતા, સ્થળ-કાળ પ્રમાણે વાતાવરણ, વર્ણનના ભેદતથા ભાવકને કેવી રીતે સ્પર્શે છે તેમજ ભાષાની ભિન્નતા કે સામ્યતા આગળના પ્રકરણમાં કરેલ અભ્યાસને આધારે અહીં તપાસવામાં આવી છે.

## પ્રકરણ : ૫ - ઉપસંહાર

ઉપરોક્ત પ્રકરણમાં આવેલી ચર્ચા-વિચારણાઓને ધ્યાનમાં રાખીને અભ્યાસ સંશોધનનાં નિષ્કર્ષ રૂપે કેટલાક તારણો તથા સમજઆ પ્રકરણમાં પ્રસ્તુત કરવામાં આવી છે.

➔'લોકપ્રિય' સંજ્ઞા વિભાવનાને આધારે, અભ્યાસીઓના મત-મતાંતરોનેઆધારે તેમજ 'લોકપ્રિય કાવ્યશાસ્ત્ર' ને આધારે લોકપ્રિય સાહિત્યની ઉજાગર થતી સમજ.

➔ લોકપ્રિય નવલકથાઓ તથા તેની વિકાસરેખાને આધારે લોકપ્રિય સાહિત્યના જુદા પડતાં લક્ષણો અને કથા પ્રચલિત કરવા માટેની સર્જકની વિવિધતાનું સ્પષ્ટીકરણ.

## પરિશિષ્ટઃ૧

સંદર્ભગ્રંથ સૂચિ

સંશોધન કાર્યને નક્કર સ્વરૂપ આપવા માટે ઉપયોગમાં લીધેલ સંદર્ભગ્રંથોની સૂચિ અત્રે રજૂ કરેલ છે.

## પરિશિષ્ટઃ૨

'લાઈટહાઉસ- એક રહસ્ય ગાથા'- પ્રકાશિત થયેલ શોધપત્ર અત્રે રજૂ કરેલ છે.

## પરિશિષ્ટઃ૩

અભ્યાસમાં લીધેલ નવલકથાઓના લેખકોની છબી તેમજ તેમને રચેલ પુસ્તકોના મુખપૃષ્ઠની છબી અત્રે રજૂ કરેલ છે.